**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૮ ટકા

# મનપાની ચુંટણીઓ મોકુફ રાખો : વસાહત મહાસંઘ

## કોરોના સંક્રમિત કેસોની વધતી સંખ્યાને પગલે શહેર વસાહત મહાસઘનું રાજયના મુખ્ય ચુંટણી અધિકારી, જિલ્લા કલેકટર તથા મ્યુ. કમિશનરને આવેદનપત્ર : ચુંટણીમાં રેલીઓ-સભા સરઘસોથી સંક્રમણ વધવાની દહેશત : ચુંટણીઓ મુલત્વી રાખી વહીવટદાર નીમવા રજૂઆત

ગાંધીનગર, તા.૧૮

એક તરફ ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓ શહેરના દ્વાર ખખડાવી રહી છે ત્યારે જ શહેરમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા પણ વધવા લાગી છે. રાજયભરમાં એકાએક ફરી પ્રસરેલી કોરોના સંક્રમણની લહેરને કારણે રાજય સરકાર પણ ચિંતિત બની છે આ સ્થિતિમાં પણ જિલ્લા ચૂંટણી પંચે મહાનગરપાલિકાની ચુંટણીઓ અંગે તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે પરંતુ આ સ્થિતિમાં ચુંટણીઓ યોજવી એટલે સામે ચાલીને કોરોના સંક્રમણના ફેલાવાને આમંત્રણ આપવા સમાન બની રહે તે જોતા હવે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા પણ મનપાની ચુંટણીઓ હાલ પુરતી મુલત્વી રાખીને વહીવટદારની નિમણુંક કરવા માંગ કરી છે.

આજે શહેર વસાહત મહાસંઘના પ્રમુક કેશરીસિંહ બિહોલાની આગેવાનીમાં પ્રતિનધિ મંડળે રાજયના મુખ્ય ચુંટણી અધિકારી, જિલ્લા કલેકટર તથા મ્યુનિસિપલ કમિશ્નરને આવેનદપત્ર આપીને મનપાની ચુંટણીઓ મોકુફ રાખવા અપીલ કરી છે. આ સાથે વસાહત મહાસંઘે દેશના ગૃહમંત્રી તથા સ્થાનિક સાંસદ અમિત શાહને પણ પત્ર લખી પોતાની વાત રજૂ કરી છે. આવેદનપત્રમાં વસાહત મહાસંઘે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ દરમ્યાન યોજાયલી ચુંટણી સભાઓ, રેલી-સરઘસો તથા રોડ શો વગેરેને કારણે અત્યારે કોરોના સંક્રમિત કેસોમાં વધારો થયો હોવાનું જણાવતા મનપાની ચુંટણીઓથી પરિસ્થિતિ વધુ વણસવાની દહેશત વ્યકત કરવામાં આવી છે. આ સાથે મહાસંઘે જણાવ્યું છે કે મનપાની ચુંટણીઓને અનુલક્ષીને રાજકીય પક્ષો તથા સંભવિત ઉમેદવારો દ્વારા અત્યારથી જ લોકસંપર્કો તથા બેઠકોના દૌર આંરભી દેવામાં આવ્યા હોવાની માહિતી આપતા શહેરના નાગરિકોની સલામતી અને સ્વાસ્થ્ય માટે આ ચુંટણીઓ જોખમી સાબિત થવાની પુરેપુરી શકયતા વ્યકત કરવામાં આવી છે. વડાપ્રધાન દ્વારા પણ કોરોનાની બીજી લહેરને રોકવા અપીલ કરવામાં આવી છે ત્યારે જો ગાંધીનગરમાં ચુંટણીઓ યોજાય તો વડીલ નાગરિકો સહિતના સ્વાસ્થ્ય જોખમાય તેવી દહેશત હોવાથી હાલ પુરતી મનપાની ચુંટણીઓ મોકુફ રાખી શહેરના વહીવટ માટે વહીવટદારની નિમણુંક કરવા શહેર વસાહત મહાસંઘ દ્વારા માંગ કરવામાં આવી છે.



### શહેરમાં ૭૦ હજારથી વધુ વયસ્ક મતદારો

ગાંધીનગરમાં સરકારી અધિકારીઓ-કર્મચારીઓ મોટી સંખ્યામાં વસવાટ કરે છે જેના પગલે શહેરમાં નિવૃતોની સંખ્યા પણ ખૂબ વધુ છે. એક અંદાજ મુજબ શહેરમાં ૭૦ હજારથી વધુ મોટી વયના સિનિયર સિટીઝન્સ મતદારો છે. જેમના માટે કોરોના સંક્રમણ ઘાતક સાબિત થઈ શકે છે. આજે ચુંટણીઓ મોકુફ રાખવા રજુઆત કરવા ગયેલા વસાહત મહાસંઘના પ્રતિનિધિઓમાં મોટાભાગના વડીલો હતા. આવેદન આપવા જોડાયેલા પ્રતિનિધિ મંડળમાં પ્રમુખ કેશરીસિંહ બિહોલા ઉપરાંત રાજેન્દ્ર પારેખ, કે.પી. સોલંકી, જયેશભાઈ આગજા, સી.કે. સોની, વિઠ્ઠલભાઈ પરમાર, અંજના રાઠોડ, મહંમદ ચેબા અને કાનજીભાઈ દેસાઈનો સમાવેશ થાય છે.



**જન્મદિને વધામણી**



વિવેક બ્રહ્મભટ્ટ
મિકેનીકલ એન્જિનીયર
મો. ૭૪૦૫૧ ૧૧૯૫૯



સુરેશભાઈ નટવરલાલ ત્રિવેદી
મો. ૯૯૭૯૭ ૦૬૫૭૭



આર્યા જે શાહ
મો. ૯૭૨૩૦ ૧૯૩૯૯



માનવ ચિરાગ પારેખ
મો. ૯૪૨૬૫ ૩૪૮૫૮

### ડુંગરી ગરાસિયા સમાજની સામાન્ય સભા ૨૧મીએ

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૧મી માર્ચના રોજ બપોરે ૧૨.૩૦ કલાકથી ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ સેકટર-૧૨, ગાંધીનગર ખાતે ૧૬મી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટ્રસ્ટ દ્વારા, વર્ષ દરમિયાન કરેલ વહીવટી કામગીરી તથા નાણાંકીય હિસાબોની પ્રસ્તુતિ અને સમાજ/શૈક્ષણિક સંકુલના બાંધકામ સંબંધી પરામર્શ કરવામાં આવશે જે ધ્યાને લઈ ટ્રસ્ટના તમામ સભાસદ ભાઈ બહેનોને સામાન્ય સભામાં ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવે છે.



સ્વચ્છતાના ગમે તેટલા અભિયાન ચલાવો પણ જયાં સુધી આપણી માનસિકતા નહીં બદલાય ત્યાં સુધી ગંદકી દૂર નહીં થાય. ગમે ત્યાં કચરો ફેંકવાની આદત જાણે આપણા લોહીમાં વણાઈ ગઈ છે. આપણે આપણું ઘર અને ઘરનું આંગણું ચોખ્ખું રાખીએ છીએ પરંતુ આસપાસ કચરો ફેંકતા જરાય ખચકાતા, અચકાતા કે શરમાતા નતી. કલેકટર કચેરીની આસપાસ ફેલાયેલી ગંદકી અને કચરો આ વાતની સાક્ષી પુરે છે.

# શેઠ સીએમ હાઈસ્કૂલ ખાતે નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત શેઠ સીએમ હાઈસ્કૂલ ખાતે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૯ અને ધો-૧૧ના વિદ્યાર્થીઓએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓએ મારા પ્રિય સ્વાતંત્ર સેનાની, સ્વાતંત્ર્ય દઢ કરવામાં મારું યોગદાન, આઝાદી બાદની ભારતની સિદ્ધિઓ, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાત અને ગુજરાતીઓ અને લોકશાહીની સાચી સંકલ્પના જેવા વિષયો પર નિબંધ લખ્યા હતા.

શાળા પરિવારે આ કાર્યક્રમમાં ખુબજ ઉત્સાહભેર ભાગ લીધો અને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષયો પર નિબંધ લખીને આ કાર્યક્રમમાં પોતાનું યોગદાન આપ્યું. આચાર્યશ્રી તથા સ્ટાફમિત્રોએ આ અવસરે દેશની આઝાદીના વિવિધ પ્રતિકો અને આઝાદી માટે સંઘર્ષ કરનાર સ્વતંત્ર્ય સેનાનીઓને યાદ કરીને સ્મરણાંજલિ અર્પી હતી.

શાળાના આચાર્યાશ્રી ડૉ. ચેતના બુચ, શ્રી બી. એ. પટેલ, એમ. એમ. પટેલ, કે. એમ. પટેલ સંદીપ ચૌહાણ, ડિમ્પલબેન બેંકર, કાંતાબેન ચૌધરી, બિંદુબેન ચૌહાણે આ અભિયાન સફળ બનાવ્યું હતું.

# શહેરી પંથકના બસ સ્ટોપેજે રીક્ષા ચાલકોની ઘુસણખોરી

## બસની આગળ થઈ રીક્ષામાં મુસાફરો લઈ જવાની જોખમી પ્રવૃત્તિ : આ દરમ્યાન રીક્ષાની આડસ થતાં મુસાફરો બસની મુસાફરીથી વંચિત બને છે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર તેમજ પંથકમાં આવેલ એસ.ટી. બસ સ્ટોપેજે રીક્ષા ચાલકોની મુસાફરો લઈ જવાની હરિફાઈ મુસાફરો માટે આફતરૂપ બની છે. શહેરના પથિકાશ્રમ, ઈન્ફોસીટી, ઘ-૫, ઘ-૬, ૩૦ના સર્કલે, રક્ષાશકિત સર્કલ, સરગાસણ ચાર રસ્તા, ચ-૫, ચ-૬, અક્ષરધામ તથા અનેક બસ સ્ટોપેજે રીક્ષા ચાલકો મુસાફરોને બેસાડવા માટે આવતી બસ આગળ જ રીક્ષા ચલાવી કે ઉભી કરી દઈ મુસાફરોને બસ મુસાફરીથી વંચિત રાખી રહ્યા છે. સ્ટોપેજ ઉપર જ રીક્ષાની આડસ કરી દેવાતા એસ.ટી. બસનો થોભવાની જગ્યા ન મળતા બસ થોભતી નથી અને એસ.ટી. બસ ધારકોને ખાનગી મુસાફરી કરવાની નોબત આવે છે. જો કે એસ.ટી. બસ આવતી જોઈ મુસાફરો બસમાં બેસવા માટે હાથ ઉંચા કરી દોડા દોડી કરતા હોય છે દરમિયાન રીક્ષાચાલક આડે પોતાનું વાહન લઈ આવી જાય છે ત્યારે અકસ્માતની પણ શકયતા ઉભી થઈ રહી છે. આ જોખમી પ્રવૃત્તિથી બસમાં જ મુસાફરી કરવા ઈચ્છતા મુસાફરો બસ છુટી જવાને કારણે નોકરી-ધંધા, વ્યવસાય અને રોજગારીના સ્થળે સમયસર પહોચી શકતા નથી. જેમાં દૈનિક આવન જાવન કરતા મુસાફરો પાસે એસ.ટી. બસનો પાસ હોવા છતાં ખાનગી મુસાફરી કરવાની ફરજ પડી રહી છે. પંથકના કેટલાક સ્ટોપેજ નજીક પોલીસ ચોકી હોવા છતાં રીક્ષા ચાલકોની આ પ્રવૃત્તિને નજર અંદાજ કરાઈ રહી છે.

રીક્ષા ચાલકો પોતાની રોજી રોટી માટે મહેનત કરી રહ્યા છે તે સ્વાભાવિક છે પરંતુ પ્રમાણિકતાથી પોતાનો વ્યવસાય કરી મુસાફરોને યોગ્ય લાગે તે વાહનમાં મુસાફરી કરે તેવી માનસિકતા દર્શાવે તો મુસાફરોમાં પણ લાગણી ઉભી થઈ શકે છે તેવું પ્રવિણભાઈ પટેલ નામના મુસાફરે આ હેરાનગતિથી કંટાળીને જણાવ્યું હતું. એસ.ટી.તંત્રના અધિકારીઓ દ્વારા આ પ્રવૃત્તિ સામે નિયમિત ઝુંબેશ ચલાવાય તેવી માંગ પણ ઉઠી છે.



# પાટનગર નિર્માણના અસરગ્રસ્તોએ સત્યાગ્રહ છાવણી ખાતે મંજૂરી ના મળતા ગામમાં જ ઉપવાસ આદર્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના નિર્માણમાં પોતાની મહામૂલી જમીનો આપનાર સાત ગામો ઈન્દ્રોડા, બોરીજ, આદીવાડા, ધોળાકુવા, ફતેપુરા, પાલજ અને બાસણના અસરગ્રસ્ત ખેડૂતોને પાટનગર નિર્માણના બાવન વર્ષે પણ મળવા પાત્ર લાભો પુરેપુરા આપવામાં આવ્યાં નથી તેથી સાતેય ગામના આગેવાનો તથા ગ્રામજનોએ તા. ૧૭મી માર્ચથી સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે રોજના પાંચ વ્યક્તિઓનું ઉપવાસ પર બેસવાનુ નક્કી કરવામાં આવ્યું હતુ પરંતુ તે માટે સરકાર દ્વારા મંજૂરી આપવામાં ન આવતા છેવટે આ ગ્રામજનોએ જે તે ગામમાં જ એક સ્થળે ઉપવાસ પર બેસવુ તેવુ નક્કી કર્યુ હતુ જેના ભાગરૂપે આજે ફતેપુરા ગામમાં મહાકાળી માતાના મંદિરે પાંચ વ્યક્તિઓ ઉપવાસ પર બેઠા હતા. આ પાંચ વ્યક્તિઓ ચંદુજી ઠાકોર, રણછોડજી ઠાકોર, ડાહ્યાજી ઠાકોર, કિશોરજી ઠાકોર, માનસિહ ઠાકોર અને ભીખાજી ઠાકોરની આગેવાનીમાં ઉપવાસ યોજ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળના પ્રમુખ ભરતસિંહ બિહોલા સહિત અન્ય તમામ હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. આગામી દિવસોમાં અન્ય ગામોમાં પણ આ ઉપવાસ આંદોલન ચાલુ રહેશે તેવુ જણાવ્યુ હતુ.



# અંતરિયાળ વિસ્તારના જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવા કાવ્યરત્ન ગૃપનું અભિયાન

ગાંધીનગર, તા.૧૮

હોળીના તહેવારને અનુલક્ષીને ગાંધીનગરના કાવ્યરત્ન ગૃપ દ્વારા રાજયના અંતરિયાળ વિસ્તારના જરૂરિયાતમંદોને મદદરૂપ થવા માટે વિવિધ ચજવસ્તુઓનું એકત્રીકરણ કરીને તેનું વિતરણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજયના અંબાજી તથા શામળાજી જેવા વિસ્તારોમાં વસતા જરૂરિયાતમંદ વર્ગના પરિવારોને જીવન જરૂરિયાતની તથા ઉપયોગી ચીજવસ્તુઓ જેવી કે પગરખાં, કપડાં, વાસણ, રમકડાં, અનાજ-નાસ્તો વગેરે શહેરીજનો પાસેથી દાન-ભેટમાં મેળવવામાં આવશે જે માટ દાતાના ઘરેથી ચીજવસ્તુઓ લઈ જવાની વ્યવસ્થા પણ પુરી પાડવામાં આવશે. આ ચીજવસ્તુઓનું આગામી એપ્રિલ માસમાં શામળાજી-અંબાજીના અંતરિયાળ વિસ્તારોમાં વિતરણ કારશે. આ સેવાકાર્યમાં સહભાગી થવા ઈચ્છતા શહેરીજનોએ કાવ્ય રત્ન ગૃપના કલેકશન સેન્ટરના પ્રતિનિધિનો સંપર્ક કરવાનો રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે કાવ્યરત્ન ગૃપ દ્વારા આ પ્રકારનો છઠ્ઠો કાર્યક્રમ છે.

### કાવ્યરત્ન ગૃપના કલેકશન સેન્ટર્સ

- **કુડાસણ**
  (૧) સહજાનંદ સોસાયટી, કૈલાશબેન પટેલ-૮૧૪૦૫ ૮૪૬૧૩
  (૨) અક્ષત હેવન, દક્ષાબેન પટેલ-૬૩૫૧૮ ૧૩૭૬૩
  (૩) સ્નેહકુંજ સોસાયટી, સંગીતા પટેલ-૯૪૨૬૨ ૮૪૨૬૭
- **રાંદેસણ**
  (૧) આવાસ રીફરફન્ટ, પલ્લવી પટેલ-૯૧૦૬૩ ૨૧૪૪૫
  (૨) શ્રીરંગ ઓએસીસ, શિલ્પાબેન શાહ-૯૪૨૭૦ ૮૩૨૩૬
- **રાયસણ**
  (૧) શ્રી રંગ હાઈટસ, ગીતા પટેલ-૯૮૨૪૫ ૪૨૫૧૦
- **ગાંધીનગર શહેર**
  (૧) સેકટર-૩-એ, અશ્વિનભાઈ પટેલ-૯૯૦૯૨ ૮૭૪૮૧
- **અમદાવાદ-નારણપુરા**
  (૧) કેતન સોસાયટી, મીતુભાઈ પટેલ-૮૮૬૬૧ ૭૭૭૦૧
- **ચાંદખેડા**
  (૧) સમર્થ હેવન-૩, વિમ્મી એન. શાહ-૯૯૯૮૦લ૮૩૪૫૧

# સે-૨૯માં નવા રહેણાંક ટાવરોનું નિર્માણ રદ કરવા સ્થાનિક રહીશોની માંગ

## અત્યારે વધેલી જન સંખ્યાને કારણે અનેક મુશ્કેલીઓમાં વધારો થયો છે તેમજ ૧૨૭ વૃક્ષોનું છેદન ભારે નુકસાનકારક બનશે તેથી યોજના પડતી મુકવા સ્થાનિકોની અપીલ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર સેક્ટર-૨૯ના રહેણાંક વિસ્તારના તમામ રહીશો તથા વરિષ્ઠ નાગરિકોએ વંદેમાતરમ-૧ની બાજુમાં બીજા નવા છ ટાવરોનું આયોજન કરવા સામે વાંધો ઉઠાવતા તેને તાત્કાલિક રદ કરવા અપીલ કરી છે. વંદેમાતરમ-૧ અને વંદેમાતરમ-૨ માં અત્યારે વધી ગયેલ વસ્તી તથા આસપાસના વિસ્તારમાં પણ શાળા-મહા વિદ્યાલયો વગેરેને કારણે સેકટરમાં વધેલી ગીચતા તથા ટ્રાફિકનો વધારો સહિત અનેક સમસ્યાઓએ માંથુ ઉંચક્યુ હોવા ઉપરાંત વૃક્ષોના છેદનથી થનારા પ્રકૃતિના નુકસાનને ધ્યાનમાં લઈને નવા ટાવરોનું આયોજન રદ કરવા સ્થાનિક રહીશોએ માંગ કરી છે.

ગાંધીનગરની રચના સાથે સેક્ટરોની રચનામાં સર્વપ્રથમ સેક્ટર-૨૯ખાતેના બ્લોક નં. ૧૪ અને બ્લોક નં. ૩૪ સર્વપ્રથમ વસાહતી તરીકે વિકસાવાયા હતા અને કુદરતી વનરાજી તથા વૃક્ષોના કારણે ઐતિહાસિક બનેલ આ સેક્ટર સહિતના પાટનગરમાં વસવાટ કરવાનો ગર્વ હોવાનું જણાવતા સ્થાનિક રહીશોએ જણાવ્યુ છે કે હાલમાં વંદેમાતરમ-૧ અને વંદેમાતરમ-૨ માં સાત સાત માળના અગિયાર અગિયાર ટાવર ઉભા કરાયા છે જેના કારણે ગટર, પાણી, રસ્તા, લાઈટો વગેરેમાં અવારનવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વળી આસપાસમાં શાળા-મહાવિદ્યાલયોના વિકાસ સાથે જન સંખ્યામાં થયેલો વધારો ટ્રાફિકની ગીચતા વધવાથી અકસ્માતોનું જોખમ વધારી રહ્યો છે અને વધુ નવા ટાવરોના નિર્માણ માટે અંદાજે ૧૨૭ વૃક્ષોનું છેદન કરવું પડે તે પણ પ્રકૃતિ માટે ભારે નુકસાનકારક બની રહે તેમ છે કેમ કે આ ઘટાદાર વૃક્ષો વર્ષો જુના છે જેને કાપવાથી મોટુ નુકસાન સાબિત થશે તેથી સે. ૨૯ માં નવા ટાવરો બનાવવાની યોજનાનું આયોજન તાત્કાલિક રદ કરવુ જોઈએ તેવો મત સ્થાનિક રહીશોએ વ્યક્ત કર્યો છે.



ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ એક કાર્યક્રમનું આયોજન એસ.ટી. ડેપો ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના અગ્રણીઓ ડૉ. મયુર, સુશ્રી પરમજીત કોર છાબડા, મનોજ જોષી તથા એસ.ટી.ના ડ્રાઈવર કડંકટરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજકોસ્ટના સહયોગથી બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં વર્કશોપ યોજાયો




ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર-માણસા રોડ પર આવેલા બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં ઈન્ફોરમેશન ટેકનોલોજી અને કમ્પ્યુટર એન્જિનિરીંગ વિદ્યાર્થીનીઓ માટે ગુજકોસ્ટની સહાયથી “બ્લોકચેનનો ઉપયોગ કરીને આઈઓટી સિસ્ટમોમાં નવીન ઉત્પાદનનો વિકાસ” વિષય પર બે દિવસનો વર્કશોપ તા ૧૨ અને ૧૩ માર્ચ દરમિયાન યોજાયો હતો.

વર્કશોપનો ઉદેશ બ્લોકચેનનો ઉપયોગ કરીને આઈઓટી સિસ્ટમો વિકસાવવાની માહિતીપ્રદાન કરવા માટેનું હતું. પી.યુ.બી. (બેંગ્લુરુ), એનઆઈટી (મેઘાલય), પીડીપીયુ (ગાંધીનગર) અને સિમ્બિઓસિસ (પૂણે) અને અન્ય પ્રતિષ્ઠિત સંગઠનોના અનુભવી શિક્ષણવિદો અને ઉદ્યોગ નિષ્ણાંતો વર્કશોપના જાણીતા વક્તાઓ હતા. વર્કશોપમાં આશરે ૪૦ ફેકલ્ટીઓ અને વિવિધ સંસ્થાઓના ૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઈ-લર્નિંગ ના માધ્યમથી કોલેજના વિદ્યાર્થઓના જ્ઞાનમા વધારો કરવા બદલ કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધ્વર્યુએ સમગ્ર કમ્પ્યુટર અને ઈન્ફોરમેશન ટચનોલોજી વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વાઘેલા જીવીબેન ઉકાભાઈ
  ઉ.વ. ૭૮, સેકટર-૨૪
- સ્વ. ઠાકોર ટીનાબેન પ્રભુદાસ
  ઉ.વ. ૩૫, માણેકપુર, માણસા
- સ્વ. સલાટ લીલાબેન હરિભાઈ
  ઉ.વ. ૫૫, સેકટર-૨૮, છાપરાં